# બિનસરકારી માઘ્યમિક શાળાના કર્મચારીઓને કીડનીના રોગોમાં મેડિકલ સવલતો આપવા અંગે.

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : બમશ–૧૩૮૦–૭૧૨૧૨–ગ,
સચિવાલય, ગાંધીનગર, તા.૯–૧–૧૯૮૫

**વંચાણે લીધો :–** (૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧–૬–૮૧ ના શેર ક્રમાંક ટીબી–બી–૧૦૭૧–૨૨૪૮ (૮૦) ધ,
(૨) શિક્ષણ વિભાગનો તા.૫–૩–૮૦ નો ઠરાવ ક્રમાંક : બમશ–૧૧૭૯ (ખા) ૫૫૩૫–ગ.
(૩) શિક્ષણ વિભાગનો તા.૨૭–૮–૮૪ નો ઠરાવ ક્રમાંક : બમશ–૧૦૮૦ ૨૩૮૬૨–ગ.
(૪) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૧૭–૨–૮૩ નો ઠરાવ ક્રમાંક : ટીબીબી ૧૦૮૩–૧૮૭–ઘ.

**ઠરાવ :–** આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૧–૬–૮૧ ના ઉપરોક્ત ક્રમાંક (૧) આગળ ઉલ્લેખ શેરાથી ગુજરાત સરકારના કર્મચારીઓને મુંબઈ સરકારના ટી.બી. કન્સેશન રૂલ્સ લાગુ પાડવામાં આવ્યા છે. જયારે ક્રમાંક (૨) આગળ ઉલ્લેખ કરેલા શિક્ષણ વિભાગના તા.૫–૩–૮૦ ના ઠરાવથી બિનસરકારી માઘ્યમિક શાળાના કર્મચારીઓને મેડીકલ સવલતોનો લાભ આપવામાં આવ્યો છે. ક્રમાંક ૩ આગળ ઉલ્લેખ કરેલા ઠરાવથી બિનસરકારી માઘ્યમિક શાળાના કર્મચારીઓને જેમ ટીબી/કેન્સરની બિમારી માટે મળવાપાત્ર લાભો આપવામાં આવ્યા છે. હવે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઉપરોક્ત ક્રમાંક ૪ આગળ ઉલ્લેખ કરેલા તા.૧૭–૨–૮૩ ના ઠરાવથી કિડની(મૂત્રપિંડ) રોગો માટે સરકારી કર્મચારીઓને જે લાભો મળે છે. તેવા લાભો બિનસરકારી માઘ્યમિક શાળાના કર્મચારીઓને પણ આપવાનો પ્રશ્ન કેટલાક સમયથી સરકારીશ્રીની અને પરિવાર કલ્યાણથ વિભાગના તા.૧૭–૨–૮૩ ના ઠરાવ મુજબ જે લાભો મળે છે તે તમામ લાભો બિન સરકારી માઘ્યમિક શાળાના કર્મચારીઓને બેઠેબેઠા આપવાનું આથી સરકારશ્રી ઠરાવે છે.

૨. સરકારી કર્મચારીઓને અપાતી આ સવલતના નિયમોમાં ભવિષ્યમાં જે ફેરફાર થશે તે તમામ ફેરફારો બિનસરકારી માઘ્યમિક શાળાના કર્મચારીઓના કિસ્સામાં પણ આપોઆપ લાગુ પડશે.

૩. આ ઠરાવનો લાભ બિનસરકારી માધ્યમિક શાળાના પેન્શનરોને પણ આપવાનું સરકારશ્રી ઠરાવે છે.

૪. આ હુકમોનો અમલ આ ઠરાવ રવાના થયા તારીખથી કરવાનો રહેશે.

આ ઠરાવ તા.૩૧–૧૨–૮૪ ના રોજ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સહી) સેકશન અધિકારી

શિક્ષણ વિભાગ